# હું તો આ રહ્યો

– રમેશ ત્રિવેદી

એક હતાં રેણુબહેન.

રેણુબહેનના ઘરના આંગણામાં લીમડો હતો.

રેણુબહેનના દાદાજીએ લીમડો વાવ્યો હતો.

દાદાજી દેવ થઈ ગયા, છતાં લીમડો તો રહ્યો જ !

રેણુબહેનને તો લીમડોય દાદાજી જેવું વહાલ કરતો હતો.

રેણુબહેન રાતે આંગણામાં ખાટલી ઢાળી સૂઈ જાય.

લીમડો ડાળીઓ હલાવી હલાવીને વીંજણો વાય. ગીતો ગાય.

ને રેણુબહેનની આંખો ધીમે ધીમે મીંચાઈ જાય.

એક વાર અમાસની અંધારી રાતે લીમડો ઊંચો ને ઊંચો વધતો ગયો. લીમડો તો છેક આકાશે જઈ અડયો ને પછી તો એ સ્વર્ગમાં પહોંચી ગયો. લીમડાને જોઈને દેવરાજ ઈન્દ્રને નવાઈ લાગી : વાહ ભૈ વાહ ! કેવું મજાનું વૃક્ષ !

પછી તો ભૈ, લીમડો દેવરાજ ઈન્દ્રને ખૂબ ગમી ગયો. એ તો રોજ સવારે લીમડાનું જ દાતણ કરે ને લીમડાની નીચે જ પલંગ ઢાળીને પોઢી જાય. લીમડો એમને મજાનો વાયરો ઢોળે, ગીતો સંભળાવે અને ઈન્દ્ર મહારાજા તો ખુશ ખુશ થઈ જાય. રેણુબહેન તો દાદાજીના લીમડા વગર સૂના પડયાં. રડવા લાગ્યાં. આકાશમાં ઊડતી પરીએ નીચે આવી રડવાનું કારણ પૂછ્યું. રેણુબહેને તો રડતાં રડતાં દાદાજીના ગુમ થઈ ગયેલા લીમડાની વાત કરી. પરીએ રેણુને પાંખો આપી. બંને જણાં શોધવા નીકળ્યાં. ધરતી પર ક્યાંય દાદાજીનો લીમડો દેખાયો નહીં. પરી કહે : ''રેણુબહેન, ચાલો સ્વર્ગમાં...... કદાચ ત્યાં લીમડાભૈ, પહોંચી ગયા હોય તો.....''

રેણુબહેન તો સ્વર્ગમાં પહોંચી ગયાં. જોયું તો દેવરાજ ઈન્દ્ર લીમડા નીચે પોઢયા છે. રેણુબહેને તો ઈન્દ્ર પાસે જઈને કહ્યું, ''મહારાજ, આ તો અમારો લીમડો છે.''

''બાલિકા, તું કોણ છે ?'' ઈન્દ્ર હસી પડયા.

''હું રેણુ છું !....ને આ અમારા દાદાજીનો લીમડો છે....લાવો, અમારો લીમડો....'' રેણુબહેને તો બેધડક કહી નાંખ્યું.

‘‘દીકરી, આ લીમડો તો કડવો છે....જોઈએ તો હું તને કલ્પવૃક્ષ આપું !’’ ઈન્દ્ર મહારાજે રેણુબહેનને પોતાની પાસે બોલાવ્યાં, માથે વહાલથી હાથ મૂક્યો.

‘‘કલ્પવૃક્ષ વળી કેવું હોય !’’ રેણુબહેનને નવાઈ લાગી.

‘‘અરે ! રેણુબહેન, આ વૃક્ષ તો એવું છે કે એની નીચે બેસીને જે માગો તે મળી જાય...’’ ઈન્દ્ર મહારાજે વહાલથી ચીમટો ભર્યો.



‘‘એમ ! તો બતાવો એ ક્યો છે ? હું એની નીચે જઈને દાદાજી અને દાદાજીનો લીમડો બંને માંગીશ હા....’’

‘‘અરે ! તું તો બહું જબરી છોકરી છે ભૈ !’’ ઈન્દ્ર મહારાજ તો ખડખડાટ હસી પડયા. એમણે તો ખુશ થઈને તરત રેણુબહેનને એમનો લીમડો પાછો આપી દીધો. રેણુબહેન તો લીમડાની ડાળે વળગીને બેસી ગયાં. ને લીમડો તો સરરરર કરતો નીચે આવી ગયો.

રેણુબહેને તો બીજે દિવસે ફળિયામાં સૌ છોકરાંને ભેગાં કર્યા.

રેણુબહેન સૌની સાથે લીમડાને ફરતાં–નાચતાં–કૂદતાં ગાવા લાગ્યાં :

ફળિયામાં એક મારો ભૈબંધ રે, લીમડો રે !

વ્હાલામાં વ્હાલો મારો ભૈબંધ રે, લીમડો રે !

થોડા દહાડા વીત્યા ત્યાં રેણુબહેનને ઘેર મોટી બહેનનાં લગ્ન લેવાયાં. ચાર દિવસ પહેલાંથી જ ધમાલ શરૂ થઈ ગઈ. ફળિયાનાં બૈરાં ભેગાં મળીને રોજ રાતે ગાણાં ગાય, પતાસાં વહેંચાય, ચા–પાણીના જલસા થાય. ચંદરણી બંધાઈ, માંડવો બંધાયો.

રેણુબહેનને થયું : લીમડા પર રહેતાં કોયલબહેનને કંકોતરી લખી હોય તો કેવું ? કોયલબહેન ગાણાં ગાય તો તો વટ પડી જાય! જાનવાળા ય મોંમાં આંગળાં ઘાલી જાય હો !.... પણ કાગડાભૈનું શું ?....બધા કાગડાભૈ ભેગા થઈને ગાવા લાગે તો ?...... બાપ રે, તો તો નાક જ કપાઈ જાય ! તો શું કરવું ?

લીમડાભૈએ કહ્યું : ''રેણુ, એમાં ગભરાવવાનું નહીં.....જો, કાગડાભૈને પૂરીઓ ને મીઠાઈ આપી દેવાની....''

કાગડાભૈ બોલી ઊઠ્યા : ''હા, રેણુબહેન. અમને તમે પૂરીઓ ને મીઠાઈ આપશો તો અમે દૂર વગડામાં જઈને ઉજાણી કરીશું.''

પછી તો રેણુબહેનની મોટી બહેનનાં લગ્ન ખૂબ જ ધામધૂમથી ઊકલી ગયાં. કોઈ કહેતાં કોઈ મુશ્કેલી પડી નહીં. હા, કાગડાભૈને પૂરીઓ આપીને મનાવી લીધા, પણ ફળિયાનાં કૂતરાંને આથી ખોટું લાગી ગયું. 'અમને કશું જ નંઈ ?' ને આથી જ એમણે તો જાન જમતી હતી ત્યારે ફળિયામાં ઘૂસીને ભારે ધમાલ મચાવી દીધેલી......

મોટીબહેનનાં લગ્નને થોડા દહાડા થયા ત્યાં ઘર પર દુઃખનો પહાડ તૂટી પડયો. લગ્નમાં ધૂમ ખરચ કર્યું હતું એટલે બાપુજીની ચિંતાનો પાર ન રહ્યો. એ તો રાતે ય ઊંઘે નહીં, જ્યારે જુઓ ત્યારે એ જાગતા જ હોય....હવે ?..... બાપુજી તો બીમાર પડી ગયા. રેણુબહેન તો રોવા લાગ્યાં. તેમણે લીમડાને ભેટીને કહ્યું,

''લીમડાભૈ, હવે શું થશે ?'' :

લીમડાભૈ કહે : ''રેણુ, એમાં ગભરાય છે શા માટે ? લે, આ ઉકાળો છે, એને પાણીમાં ઉકાળીને તારા બાપુજીને પિવડાવી દે. તાવ તો ચપટી વગાડતાં જ છૂઉઉઉ.....''

રેણુબહેને તો બાપુજીને ઉકાળો પિવડાવ્યો, ને તાવ તો ઊતરી ગયો ! અરે વાહ !

''જોઈ ને રેણુ, અમારી કમાલ !.....'' લીમડાભૈ દાદાજી જેવું જ હસી પડયા.

''લીમડાભૈ. આ ઉકાળો શાનો હતો ?''

''અમારી છાલ, ગળો ને એવું બધું !'' લીમડાભૈ હસી પડયા. બાપુજીનો તાવ તો ટપ દઈને ઊતરી ગયો. પણ ઉપાધિ બીજી હતી. રેણુબહેનને થતું, બાપુજીને આ શું થઈ ગયું હશે ?

બાપુજી સૂનમૂન બેસી રહે, લીમડા સામે તાકી રહે, ગાંડા માણસની જેમ કોઈક વાર લીમડાને પંપાળે !

એક દિવસ રેણુબહેન નિશાળેથી ઘરે આવ્યાં.

જોયું તો લીમડાભૈ તો ભોંય ભેગા.

આંગણામાં બે જમ જેવા માણસો ! હાથમાં કૂહાડો. ધડમ્ ધડમ્....ને બાજુમાં પડેલી કરવત !..... બાપ રે, બાપ !....

રેણુબહેને તો દફતર નીચે ફેંકીને ભેંકડો તાણ્યો. હાથ–પગ પછાડવા માંડયા.

બાએ એને માથે હાથ મૂક્યો. એયે રડી પડી :

'' દીકરી, શું કરીએ !? આ લીમડા સિવાય બીજા કોઈનો ય સહારો નહોતો એટલે....એને વેચી નાખ્યો.''

બાપુજી તો ના બોલે કે ચાલે, લમણે હાથ દઈને બેઠેલા.

રેણુબહેનને થયું, ''આજે દાદા હોત તો કેવું સારું !....'' પછી તો એમણે રાતે વાળુંય ન કર્યું. રોતાં રોતાં થાક્યાં એટલે ઊંઘી ગયાં. વારેવારે લીમડા ભૈના જેવો અવાજ સંભળાવા લાગ્યો : ''રેણુ ! રેણુ !''

રેણુબહેન ઝબકીને જાગી ગયાં.

આકાશમાંના તારાઓય એમને તો રોતા લાગ્યા.

અડધી રાત થઈ હશે ફરી ત્યાં લીમડાભૈનો અવાજ સંભળાયો : ''રેણુ ! હું તો આ રહ્યો !''

રેણુબહેન ફરી ઝબકી ગયાં.

ચારે બાજુ અંધારા સિવાય કશું જ ના મળે !

વહેલી સવારે રેણુબહેન તો ઊઠીને વાડામાં ગયાં, ''હૈય !'' કહીને આંખો ચોળી. ''હૈય ! આ તો લીમડા ભૈ ! બા...બા....આ આ આ.....વાડામાં વાડ પાસે નાનકા.....સાવ બબુડા લીભડા ભૈ !!...''

બાએ આવીને જોયું તો, લીમડાભૈ, મીઠું મીઠું હસી રહ્યા હતા !

રેણુબહેન તો ફળિયામાં દોડી ગયાં. છોકરાંને ભેગાં કર્યાં.

સૌ ભેગાં મળીને ગાવા લાગ્યાં :

ખીખીખી, હસતો–હસાવતો રે લીમડો રે !
ના કદી, રડતો–રડાવતો રે લીમડો રે !
વ્હાલામાં વ્હાલો મારો ભૈબંધ રે, લીમડો રે !

■